અગત્યનું

ક્રમાંકઃપ્રાશિનિ/ખ-૨/School Safety/૨૦૧૮/ ૪૧૦૨
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા. ૦૬/૦૬/૨૦૧૮

પ્રતિ,

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષયઃ- રાજ્યની પ્રાથમિક શાળાઓમાં School Safety Policy - 2016 નો ચુસ્તપણે અમલ કરવા બાબત.

સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગના ક્રમાંકઃપરચ/૧૧૨૦૧૭/ળ૦ા-૭૫/વ.૨ તા.૨૯/૦૫/૨૦૧૮
(૨) શિક્ષણ વિભાગના ક્રમાંકઃપરચ/૧૧૨૦૧૭/૭૫/વ.૨ તા.30/૦૫/૨૦૧૮
(૩) આ કચેરીના ક્રમાંકઃપ્રાશિનિ/ખ-૨/૨૦૧૭/૫૦૮૫ તા.૧૧/૧૦/૨૦૧૭

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, રાજ્યમાં રજિસ્ટર્ડ થયેલ તમામ શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સલામતી માટે ધી નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈન્ડિયા-૨૦૦૫ માં સલામત શાળાનુ બિલ્ડીંગનુ બાંધકામ અને નામ.સુપ્રીમકોર્ટે રીટ પીટીશન (સીવીલ) નં-૪૮૩/૨૦૦૪ માં તા.૧૪/૦૮/૨૦૧૭ ના રોજ આપેલ ચુકાદા અનુસાર કાર્યવાહી થાય, શાળા સલામતી માટે લેવાતા પગલા તેમજ શાળાના બિલ્ડીંગનુ સ્પેશીફીકેશન, તેનુ કમ્પ્લીશન સર્ટીફીકેટ વગેરે સુચનાઓનુ પાલન કરવા જણાવેલ છે.

શાળાઓમાં સલામતીના ધોરણો જાળવવા તથા School Safety Policy-2016 ના અમલ માટે આ કચેરીના સંદર્ભ-3 ના પત્રથી સુચનાઓ આપવામાં આવેલ છે. તેમ છતાં શિક્ષણ વિભાગના સંદર્ભ-૨ ના પત્ર મુજબ રાજ્યની પ્રાથમિક શાળાઓમાંથી અમુક શાળાઓમાં School Safety Policy - 2016 નો સંપૂર્ણપણે અમલ ન થતો હોવાનુ ધ્યાને આવેલ છે. તેવુ અનુભવે જાણવા મળેલ છે.

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોની સલામતી સુનિશ્ચીત કરવી જરૂરી હોઈ દરેક શાળાઓમાં ફાયર સેફટીના સાધનો તથા તે અંગેનુ સર્ટીફીકેટ હોવુ જરૂરી છે. તેથી આપના જિલ્લાની તમામ શાળાઓમાં ફાયર સેફટીની સુવિધા સુનિશ્ચિત થાય તેમજ શાળાના વિદ્યાર્થીઓની સલામતી જળવાય રહે તે અંગે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં, વિદ્યાર્થીઓને ઘરેથી સ્કુલે લઈ જવા માટે ખાનગી વાહનનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં RTO ના નિયમોનુ ઉલંઘન કરવામાં આવે છે. જેના કારણે તાજેતરમાં આવી શાળામાં લઈ જતા બાળકોની વાનમાં અકસ્માત સર્જાયેલ હતો અને શાળાના બાળકોને ગંભીર અકસ્માત નડેલ હતો. વિદ્યાર્થીઓની સલામતી જોખમમાં મુકાય છે. તો, પરિવહન માટે વાહન વ્યવહાર કમિશ્નરશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ નિતી નિયમોનુ ચુસ્તપણે પાલન થાય તે જોવાનુ રહેશે.

આપના જિલ્લા હસ્તકની પ્રાથમિક શાળાઓમાં બાળકોની સલામતી માટે એકશન પ્લાન મુજબ કાર્યવાહી કરવાની રહેશે. જિલ્લાકક્ષાએ કરવામાં આવેલ કાર્યવાહીનો રીવ્યુ સમયાંતરે માન.નિયામકશ્રી દ્વારા કરવામાં આવનાર હોઈ સદર બાબતે જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ નિયમિત રીતે બેઠકોનુ આયોજન કરવાનુ રહેશે. તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની સલામતી જળવાઈ રહે તે જોવાનુ રહેશે.

(સહી)
સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી
ગુ.રા.ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:-</u>
પ્રતિ,
- બી.પી. ચૌહાણ, સંયુક્ત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

ક્રમાંક / પ્રા.શિ./ ૨૫૭૩૪-૫૯ ૨૦૧૮
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૧૯-૦૬-૨૦૧૮

આ નકલ રવાના કરી સદર ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં રાખી અમલ કરવા જણાવવામાં આવે છે.

(સહી)
જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી,
જિલ્લાની સરકારી ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ
તમામ બનાસકાંઠા જિલ્લો